# મોદી સરકાર બિલ્ડરોની તરફેણ કરે છે : રાહુલ

નવીદિલ્હી,તા. ૨

સક્રિય રાજકારણથી થોડાક સમય સુધી દૂર રહ્યા બાદ પરત ફરેલા અને હાલમાં જોરદારરીતે સક્રિય થયેલા કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી કેન્દ્ર સરકાર ઉપર એક પછી એક આક્રમકરીતે પ્રહાર કરી રહ્યા છે. ખેડૂતોની દુર્દશા અને જમીન બિલના મુદ્દા ઉપર તેમની ઉપર પ્રહાર કરી ચુકેલા રાહુલે આજે ફરીવાર આક્રમક વલણ અપનાવ્યું હતું અને મોદી સરકાર ઉપર પ્રહાર કર્યા હતા. રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી બિલને લઈને મોદી સરકાર ઉપર આજે ફરીવાર પ્રહાર કર્યા હતા. રાહુલે આજે ખેડૂતોનો મુદ્દો જોરદારરીતે ઉઠાવ્યો હતો. રાહુલે મિડલ કલાસના આવાસ ખરીદનાર લોકોને ટેકો આપવાની વાત કરી હતી. આ લોકો બિલ્ડરો તરફથી ટ્રસ્ટ ડેફિસિટ સાથે સંબંધિત ગંભીર મુદ્દાઓનો સામનો કરી રહ્યા છે. જેમાં હાઉસિંગ પ્રોજેક્ટને લઈને વિવાદ થયેલો છે. દિલ્હી-એનસીઆર પ્રદેશમાંથી આવાસ ખરીદનાર લોકોના પ્રતિનિધિમંડળ સાથે વાતચીત કર્યા બાદ રાહુલે કહ્યું હતું કે, તેઓ ૧૦૦થી ૨૦૦ લોકોને મળી ચુક્યા છે. માત્ર ખેડૂતો અને આદિવાસીઓની સમસ્યાને સમજી રહ્યા નથી બલ્કે ભારતમાં મિડલ કલાસના લોકોની તકલીફને જાણવાના પ્રયાસ પણ કરી રહ્યા છે. નવા રિયલ એસ્ટેટ બિલ ઉપર કેન્દ્ર ઉપર પ્રહાર કરતા ગાંધીએ કહ્યું હતું કે, અગાઉની યુપીએ સરકારના



બિલમાં સ્પષ્ટ પારદર્શકતાનો મુદ્દો રહેલો હતો જેમાં ખરીદદારોને દસ્તાવેજમાં કરવામાં આવેલા ઉલ્લેખ મુજબ કાર્પેટ એરિયા મળતા હતા.

જો કે વર્તમાન બિલમાં જોગવાઈને દૂર કરી દેવામાં આવી છે. નવા બિલમાં ખરીદદારી તરફી તરફેણ કરાઈ નથી પરંતુ બિલ્ડર તરફી તરફેણ થયેલી છે. આવાસ મેળવનાર મધ્યમ વર્ગના લોકોને સંપૂર્ણ ટેકો આપવાની રાહુલે વાત કરી હતી. કોંગ્રેસના ઉપપ્રમુખે કહ્યું હતું કે, સુપર એરિયા અને ડિલિવરી ડેટ જેવા મુદ્દાઓમાં ઘણી બધી અનિયમિતતાઓ રહેલી છે. કેટલાક લોકોએ કહ્યું છે કે, બિલ્ડરે ફલેટમાંથી જોઈ શકાય તે મુજબ કેટલાક વચન આપ્યા હતા પરંતુ આ વચન ટાવર બને ત્યાં સુધી જ મર્યાદિત રહે છે. અગાઉની યુપીએ સરકાર દ્વારા રજૂ કરાયેલા બિલમાં કેટલીક જોગવાઈ રહેલી છે. રાહુલે એમ પણ કહ્યું હતું કે, સરકાર કેટલી જોગવાઈને દૂર કરીને બિલ્ડરોની તરફેણ કરી રહી છે. રાહુલે ઉમેર્યું હતું કે, રાજ્યસભામાં સંખ્યાની અછત નહીં હોવાથી સરકારને મુશ્કેલી નડશે. સરકાર આ બિલને મોકૂફ કરી શકે છે. પસંદગી સમિતિને મોકલી દેવા ઉપર વિરોધ પક્ષ ભાર મુકી રહ્યો છે. આ બિલ પોશાય તેવા આવાસના નિર્માણ માટે ખુબ ઉપયોગી હોવાનો દાવો ભાજપ દ્વારા કરવામાં આવ્યો છે. એનડીએ સરકારે ૨૦૨૨ સુધી તમામ માટે આવાસનું વચન આપ્યું છે. રાહુલે ઉમેર્યું હતું કે, પારદર્શકતા નહીં હોવાના કારણે મધ્યમવર્ગના લોકોને દુવિધાભરી સ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે. કોંગ્રેસના નેતાએ કહ્યું હતું કે, નવા બિલમાં રેન્ટેબલ એરિયાની વાત કરવામાં આવી છે જે ઓફર કરવામાં આવેલા વાસ્તવિક વિસ્તાર અંગે ખરીદદારને દુવિધાભરી સ્થિતિમાં મુકીને બિલ્ડરોને મદદરુપ બનશે.

**તમિળનાડુ ઇન્ટેસીવ કેર યુનિટમાં છે**

## હવે તમિળનાડુના મંત્રી ખંડણીખોર બની ગયા

ચેન્નાઈ,તા. ૨

તમિળનાડુમાં તમામ મોરચે ટિકાટિપ્પણીનો સામનો કરી રહેલી શાસક અન્ના દ્રમુકની જોરદાર ઝાટકણી કાઢતા ડીએમકેના નેતા એમકે સ્ટાલીને આજે કહ્યું હતું કે, મુખ્યમંત્રી પનીર સેલ્વમ કેબિનેટના પ્રધાનો ખંડણીખોર બની ગયા છે. તમિળનાડુ હાલમાં ઈન્ટેસીવ કેર યુનિટમાં છે. મુખ્યમંત્રી પનીર સેલ્વમને લખવામાં આવેલા એક પત્રમાં સ્ટાલીને કહ્યું છે કે, સરકારી કર્મચારીઓને આત્મહત્યા કરવાની ફરજ પડી રહી છે. કારણ કે પ્રધાનો ખંડણી માંગી રહ્યા છે. તમિળનાડુની હાલત કફોડી બનેલી છે. ફેબ્રુઆરી મહિનામાં જ એગ્રીકલ્ચર એન્જિનિયરિંગના કારોબારી એન્જિનિયરે આત્મહત્યા કરી લીધી હતી. કૃષિ પ્રધાન અને અન્યો ઉદાસીન દેખાયા હતા. કૃષિ પ્રધાન તરીકે ત્યારબાદ કૃષ્ણમૂર્તિને દૂર કરાયા હતા. સાથે સાથે પાર્ટી પોસ્ટ પરથી પણ દૂર કરાયા હતા. આક્ષેપો બાદ સીબી-સીઆઈડી તપાસનો આદેશ કરાયો હતો.

# ત્રાસવાદીઓ માટે અલગ જેલ સ્થાપિત કરવા રાજ્યોને હુકમ

નવીદિલ્હી,તા. ૨

કેન્દ્રીય ગૃહમંત્રાલયે આતંકવાદીઓ માટે અલગ જેલ સ્થાપિત કરવાની સૂચના તમામ રાજ્યોને આપી દીધી છે. આતંકવાદીઓ માટે અલગ જેલ રાખવાની સૂચના આપવામાં આવી છે. આવી સ્થિતિમાં અન્ય કેદીઓને મુશ્કેલીમાંથી બચાવી શકાય છે. કેન્દ્રીય ગૃહમંત્રાલય માને છે કે, જો આ બાબત શક્ય થશે નહીં તો ખુબ જ જોખમી રહેલા કેદીઓની અવરજવરને જેલની અંદર સુધી જ મર્યાદિત રાખવામાં આવશે. અન્ય કેદીઓ સાથે વાતચીત કરવાની અથવા તો તેમની સાથે સંપર્ક કરવાની તક આપવામાં આવશે નહીં. કેન્દ્રીય ગૃહમંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી કુમાર આલોકે માહિતી આપતા કહ્યું છે કે, જુદા જુદા રાજ્યના જેલ વહીવટીતંત્ર દ્વારા સામનો કરવામાં આવી રહેલા વર્તમાન સુરક્ષા પડકારોના આધાર પર આવી ગંભીર વિચારણા ચાલી રહી છે. કુમારે કહ્યું છે કે, તમામ રાજ્યોના મુખ્ય સચિવોને પત્ર લખીને આ અંગે જાણ કરવામાં આવી છે. આતંકવાદીઓને અલગ જેલ આપવાની દિશામાં પ્રથમ પહેલ કરવામાં આવી છે. શહેરની હદની બહાર જેલમાં તેમને રાખવામાં આવે તેવી સ્થિતિ ઉભી કરવાના પ્રયાસ કરાઈ રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ૨૬-૧૧ મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ મોહમ્મદ કસાબ અને સંસદ પર હુમલાના આરોપી અફઝલ ગુરુને મુંબઈની આર્થર રોડ જેલમાં રાખવામાં આવ્યા હતા જ્યારે અફઝલને તિહાર જેલમાં રખાયો હતો. હાઈ સિક્યુરિટી સેલમાં તેમને રાખવામાં આવ્યા હતા. ત્યારબાદ ફાંસી આપવામાં આવી હતી. મંત્રાલય



દ્વારા જેલની અંદર જુદા જુદા પ્રવાસીઓની ગતિવિધિ ઉપર નજર રાખવા માટે પણ રાજ્યોને કહેવામાં આવ્યું છે. સાથે સાથે હાઈરિસ્ક કેદીઓના કેસમાં વિડિયોકોન્ફરન્સિંગ મારફતે કોર્ટની સુનાવણી થાય તેવી વ્યવસ્થા કરવામાં આવે તેવી શક્યતા છે. ગયા મહિનામાં તેલંગાણામાં બનેલા બનાવ બાદ આની નોંધ લેવામાં આવી છે. વારંગલ જેલમાંથી હૈદરાબાદ કોર્ટમાં જ્યારે પોલીસ વાનમાં પાંચ આતંકવાદીઓને લઈને જવાતા હતા ત્યારે સામ સામે અથડામણ થઈ ગઈ હતી જેમાં પાંચેય ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. સીસીટીવી કેમેરા, મોબાઈલ ઝામર્સ જેવી સુવિધા ગોઠવવા માટે પણ કહેવામાં આવ્યું છે. સુરક્ષાના સ્તરને વધારવા માટે કહેવામાં આવ્યું છે. કેદીઓ સામે રહેલા જોખમને ધ્યાનમાં લઈને પગલા લેવાઈ રહ્યા છે.

આવનાર દિવસોમાં આ દિશામાં વધુ પગલા લેવાય તેવી શક્યતા છે. અલગ જેલની વ્યવસ્થાની સંભાવના નહીં રહેવાની સ્થિતિમાં હાઈરિસ્ક કેદીઓની અવરજવરને મર્યાદિત રાખવા પણ કહેવામાં આવ્યું છે.

## મુંબઈ અને પંજાબની વચ્ચે આજે મોહાલીમાં જંગ થશે

મોહાલી,તા. ૨

મોહાલી ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર આવતીકાલે ઈન્ડિયન પ્રિમિયર લીગમાં કિંગ્સ ઈલેવન પંજાબ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે જંગ ખેલાશે. આ મેચનું પ્રસારણ સાંજે ચાર વાગ્યાથી કરવામાં આવનાર છે. રોહિત શર્મા અને જ્યોર્જ બેલીને કુશળતા સાબિત કરવાની તક રહેશે. બંને ટીમોનો દેખાવ અપેક્ષા કરતા ખુબ જ નબળો રહ્યો છે તે જોતા આ મેચમાં બંને ટીમોને તક રહેલી છે. છેલ્લી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે રાજસ્થાન રોયલ્સ ઉપર વાનખેડે સ્ટેડિયમમાં જીત મેળવી હતી. મુંબઈ ઈન્ડિયન્સના ખેલાડીઓનો જુસ્સો આની સાથે વધ્યો છે. છેલ્લી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સના મિડલ ઓર્ડર બેટ્સમેન અંબાતી રાયડુએ જોરદાર બેટિંગ કરી હતી અને અણનમ ૫૩ રન ફટકાર્યા હતા. જેથી મુંબઈ ઈન્ડિયન્સના ખેલાડીઓનો જુસ્સો વધ્યો છે. મુંબઈ ઈન્ડિયન્સમાં પાર્થિવ પટેલ, રોહિત શર્મા, હરભજનસિંહ, માલિંગા, પોલાર્ડ જેવા શક્તિશાળી ખેલાડીઓ છે જેથી મુંબઈની ટીમ ફેવરિટ દેખાઈ રહી છે. કિંગ્સ ઈલેવન પંજાબનો દેખાવ બિલકુલ કંગાળ રહ્યો છે. વિરેન્દ્ર સહેવાગ બિલકુલ ફોર્મમાં દેખાઈ રહ્યો નથી. આઈપીએલમાં હજુ સુધી તે ચાહકોને આકર્ષિત કરી શક્યો નથી અને તેનો ફલોપ શો રહ્યો છે. બંને ટીમ નીચે મુજબ છે.

કિંગ્સ ઈલેવન પંજાબ : વિરેન્દ્ર સહેવાગ, મનન વ્હોરા, રિદ્ધિમાન સાહા, મુરલી વિજય, અક્ષર પટેલ, અનુરીતસિંહ, ગુરકિરત, મનન સિંહ, કરણવીર સિંહ, પરવીન અવાના, રિષી ધવન, સંદીપ શર્મા, શિવમ શર્મા, શાર્દુલ ઠાકુર, નિખિલ નાયક, જ્યોર્જ બેલી (કેપ્ટન), હેન્ડરીક્સ, ડેવિડ મિલર, ગ્લેન મેક્સવેલ, મિશેલ જોન્સન, શૌન માર્શ, પરેરા

મુંબઈ ઈન્ડિયન્સ : રોહિત શર્મા (સુકાની), રાયડુ, પાર્થિવ પટેલ, આદિત્ય તારે, હરભજનસિંહ, વિનય કુમાર, જસપ્રિત, પવન સુજાલ, શ્રેયાસ ગોપાલ, પ્રજ્ઞાન ઓઝા, અભિમન્યુ મિથુન, અક્ષય વખારે, નીતિશ રાણા, સિદ્ધેશ લાડ, હાર્દિક પંડ્યા, સુચિત, ઉન્મુક્ત ચાંદ, માલિંગા, પોલાર્ડ, કોરી એન્ડરસન, હેઝલવુડ, ડિલેન્ગ, લેન્ડલ સિમન્સ, આરોન ફિન્ચ, મેકલાઘન, બ્લીઝાડ

**એએપીના કાર્યકરોના દેખાવો**

## પંજાબ : મુખ્યમંત્રી સામે જોરદાર વિરોધ પ્રદર્શન

મોગા,તા. ૨

મોગા બસ કેસને લઇને પંજાબમાં જોરદાર વિરોધ પ્રદર્શનનો દોર જારી રહ્યો છે. એએપીના કાર્યકરોએ આજે પંજાબના મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલના પુતળા સળગાવ્યા હતા. સાથે સાથે જોરદાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. ટીનેજ યુવતીના મોત સામેના વિરોધમાં બાદલ અને તેમના પુત્ર સામે દેખાવો જારી રહ્યા હતા. મોગા બસ કેસને લઇને વિરોધ પ્રદર્શન તીવ્ર રહેતા તંગદિલી રહી છે. એએપીના જસરાજ જસ્સીના નેતૃત્વમાં મોગા જિલ્લાના એએપી કન્વીનર અજય શર્માના નેતૃત્વમાં એએપીના કાર્યકરોએ દેખાવો કર્યા હતા. ભટિંડામાંથી છેલ્લી લોકસભાની ચૂંટણી લડી ચુકેલા જસરાજ જસ્સી આક્રમક મુડમાં દેખાયા હતા. ૧૫૦થી વધુ એએપીના કાર્યકરોએ દેખાવો કર્યા હતા અને પ્રધાનોના પુતળા સળગાવ્યા હતા. સિવિલ હોસ્પિટલની આસપાસ પ્રધાનો સામે હિંસક દેખાવો કરાયા હતા. બસના માલિક સામે કેસ દાખલ કરવાની માંગ પણ કરવામાં આવી હતી. દરમિયાન સ્થાનિક ધારાસભ્ય જોગિન્દરપાલ જૈને દેખાવકારોની ટિકા કરી હતી અને કહ્યું હતું કે આ પ્રકારે કેસ દાખલ કરી શકાય નહીં. પગલા લેવાની ખાતરી આપવામાં આવી છે છતાં દેખાવો જારી રહ્યા છે.

## મુંબઈ-બેંગ્લોરમાં સુધરાઈની ચુંટણી લડવા એએપી સુસજ્જ

નવીદિલ્હી, તા. ૨

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર જીત મેળવ્યા બાદ ખુશખુશાલ આમ આદમી પાર્ટીએ મુંબઈ અને બેંગ્લોરમાં સુધરાઈ ચુંટણી લડવાની તૈયારી કરી હોવાના અહેવાલ મળ્યા છે. રાષ્ટ્રીય પાટનગરની બહાર પણ રાજકીય લાભ ઉઠાવવાના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. પોતાના પ્રભુત્વને વધારવાના પ્રયાસો પણ હાથ ધરાયા છે. દિલ્હી સ્થિત એએપીના વરિષ્ઠ સભ્યએ માહિતી આપતા કહ્યું છે કે, અમે ગંભીરતાપૂર્વક મુંબઈ અને બેંગ્લોરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચુંટણી લડવાના મુદ્દા ઉપર વિચારણા કરી રહ્યા છે. પાર્ટી યુનિટ તરફથી હાલમાં મળી રહેલા ફિડબેક ખુબ જ સારા રહ્યા છે. પાર્ટી હાલમાં જુદી જુદી કવાયત યોજી રહી છે. કુશળ કાર્યકરોને શોધવામાં આવી રહ્યા છે. પોલિંગ બુથ ઉપર ચોક્કસ જવાબદારી લઈ શકે તેવા લોકોને શોધવામાં આવી રહ્યા છે. હજુ સુધી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીને હાલમાં જ મોટી સફળતા હાથ લાગી હતી. મુંબઈમાં એએપીના સભ્યએ માહિતી આપતા કહ્યું છે કે, જિલ્લા અને વિધાનસભા મતવિસ્તાર સ્તરના કન્વીનરોને બોલાવમાં આવી રહ્યા છે. મુંબઈમાં દરેક વોર્ડમાં ૪૦ પોલિંગ બુથ રહેલા છે. ઓછામાં ઓછા ૨૦ બુથ ઉપર લોકો મુકવામાં આવે તે જરૂરી છે. શહેરમાં ૯૦૦૦ મતદાન મથકોથી અમારુ ટાર્ગેટ રહેલું છે. કમસે કમ ૬૦૦૦ હજાર મતદાન મથકો સુધી પહોંચવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

એએપીના બે સભ્યો યોગેન્દ્ર યાદવ અને પ્રશાંત ભૂષણ દ્વારા પણ હાલમાં આવી જ હિલચાલ હાથ ધરાઈ હતી પરંતુ હવે એએપીએ પોતે આ જવાબદારી લીધી છે. યોગેન્દ્ર યાદવ અને પ્રશાંત ભૂષણની એએપીમાંથી હકાલપટ્ટી કરવામાં આવી ચુકી છે. દિલ્હીની બહારના ક્ષેત્રોમાં હવે તાકાત વિસ્તારવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

# નેપાળ ભૂકંપ : હજારો લોકો હજુ લાપત્તા

કાઠમાન્ડુ,તા. ૨

નેપાળમાં વિનાશકારી ભૂંકપ આવ્યાને સાત દિવસનો સમય હવે થઈ ગયો હોવા છતાં મૃતદેહો હાથ લાગી રહ્યા છે. બીજી બાજુ ગયા શનિવારના ભૂકંપ બાદ હજુ પણ હજારો લોકો લાપતા થયેલા છે. જે સંકેત આપે છે કે મોતનો આંકડો ખુબ વધી શકે છે. આજે સતત આઠમાં દિવસે બચાવ અને રાહત કામગીરી જારી રહી હતી. ઘાયલ લોકોની સંખ્યા ૧૪૦૦૦ સુધી પહોંચી ગઈ છે. જ્યારે અસરગ્રસ્તની સંખ્યા ૮૦ લાખની છે. લાપતા થયેલા લોકોની સંખ્યા હજુ એક હજાર જેટલી છે. દુરગામી વિસ્તારોમાં બચાવ ટીમ હજુ પહોંચી શકી નથી. વિશ્વના ૨૦થી વધુ દેશો બચાવ કામમાં લાગેલા છે. કાટમાળ હેઠળથી મૃતદેહો હાથ લાગી રહ્યા છે. મોતનો આંકડો હવે વધી ૬૬૦૦થી ઉપર પહોંચી ચુક્યો છે.જ્યારે મોટી સંખ્યામાં લોકો હજુ લાપતા હોવાના અહેવાલ મળી રહ્યા છે. ગયા શનિવારના દિવસે વિનાશકારી ભૂંકપ બાદ આજે સાતમા દિવસે બચાવ અને રાહત કામગીરી જારી રહી હતી. બીજી બાજુ નેપાળ સરકારની કટોકટીના સમયમાં નબળી કામગીરીથી સામાન્ય લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. હજારો લોકો હાલ સંઘર્ષ કરી રહ્યા છે. હજુ સેંકડો લોકો કાટમાળ હેઠળ દટાયેલા છે. આ તમામ લોકો જીવિત નિકળે તેવી શક્યતા હવે ઓછી દેખાઈ રહી છે. જો કે શનિવારના ભૂંકપ બાદ



બચાવ અને રાહત કામગીરી તમામ જગ્યાએ યુદ્ધના ધોરણે જારી છે. કુલ ૮૦ લાખ લોકોને માઠી અસર થઈ છે. પ્રાપ્ત અહેવાલ મુજબ હજુ પણ કાટમાળ હેઠળથી મોટી સંખ્યામાં મૃતદેહો મળી રહ્યા છે. બચાવ અને રાહત કામગીરીને ઝડપી કરી દેવામાં આવી છે. અનેક કાટમાળમાં ફેરવાઈ ગયેલી ઈમારતો સુધી બચાવ અને રાહત ટુકડી પહોંચી શકી નથી. કાટમાળ હેઠળ મોટી સંખ્યામાં લોકો હોઈ શકે છે. પાટનગર કાઠમાડુ સહિત તમામ ભૂંકપગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે જારી છે. છેલ્લા ૮૦ વર્ષના સૌથી વિનાશકારી ભૂંકપ બાદ લોકોમાં વ્યાપક ફફડાટ ફેલાયેલો છે. હજુ લોકો સમગ્ર રાત્રી જાગીને ગાળી રહ્યા છે. ગયા શનિવારે આવેલા ભૂંકપનુ કેન્દ્ર કાઠમાન્ડુથી ઉત્તરપશ્ચિમમાં આશરે ૮૦ કિલોમીટરના અંતરે સ્થિત લામજુગમાં હતુ. નેપાળમાં ૭.૮ની તીવ્રતાના ભૂંકપ બાદ હજુ સુધી૪.૫થી વધુ તીવ્રતા સાથેના ઓછામાં ઓછા ૬૦ આંચકા આવી ચુક્યા છે. નેપાળમાં ભૂંકપ બાદ કલાકોના ગાળામાં જ નેપાળના મોટા ભાગના ઐતિહાસિક સ્થળો કાટમાળમાં ફેરવાઈ ગયા હતા. સેના, પોલીસ અને ઈમરજન્સી સેવાના કર્મચારીઓ કાટમાળમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા અને તેમને હોસ્પિટલમાં પહોંચાડી દેવામાં લાગેલા છે. ગયા શનિવારે પ્રથમ આંચકો પ્રથમ ૭.૮ની તીવ્રતાનો અનુભવયા બાદ પણ એક પછી એક ઉંચી તીવ્રતાના આફ્ટરશોક્સનો દોર જારી રહ્યો હતો. સેંકડો ઈમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ હતી. નેપાળના ઈતિહાસમાં આ ભૂકંપને સૌથી વિનાશકારી ભૂકંપ તરીકે ગણવામાં આવે છે. નેપાળમાં દૂરસંચાર અને વિજળી સેવા સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ હતી. ગયા શનિવારે સવારે ૧૧.૪૧ વાગે અને ૧૨-૧૯ વાગે એમ બે વખત પ્રચંડ ભૂકંપ આવતા ભારે નુકસાન થયું હતુ. નેપાળમાં સ્થિતીને સામાન્ય બનાવવામાં હજુ લાંબો સમય લાગી શકે છે. કારણ કે ભારે નુકસાન થયું છે. બીજી બાજુ દુરસંચાર અને વીઝળીની સેવા ફરી શરૂ કરવાના પ્રયાસો ચારે બાજુ ચાલી રહ્યા છે પરંતુ તેમાં પણ સંપૂર્ણ સફળતા હજુ સુધી મળી નથી. આવી સ્થિતીમાં લોકો સામે તકલીફ રહેશે.

## મોટા ભાગના સ્માર્ટ સિટી યુપી, તમિળનાડુમાં બનશે

નવી દિલ્હી,તા. ૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મહત્વકાંક્ષી સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ સૌથી વધારે સંખ્યામાં સ્માર્ટ સિટી ઉત્તરપ્રદેશમાં બનાવવામાં ાવનાર છે. ત્યારબાદ તમિળનાડુ અને મહારાષ્ટ્નો સમાવેશ થાય છે. કેબિનેટ દ્વારા મંજૂર કરવામાં આવેલી દરખાસ્ત મુજબ ઉત્તરપ્રદેશમાં સૌથી વધારે ૧૩ સ્માર્ટ સિટી બનાવવામાં આવનાર છે. જ્યારે તમિળનાડુમાં ૧૨ અને મહારાષ્ટ્રમાં ૧૦ સ્માર્ટ સિટીનુ નિર્માણ કરવામાં આવનારછે. શહેરી વિકાસ સેક્રેટરી મધુસુધન પ્રસાદે માહિતી આપતા કહ્યું છે કે મોડલ સ્થાપિત કરવાની હિલચાલ પહેલાથી જ શરૂ કરવામાં આવી ચુકી છે. કેન્દ્રની સાથે રાજ્યો અને સ્થાનિક સંસ્થાઓ પણ નાણાં ખર્ચ કરશે. આગામી પાંચ વર્ષમાં આ મહત્વકાંક્ષી યોજનાને તૈયાર કરી લેવામાં આવનાર છે. પ્રાથમિક અંદાજમાં દાવો કરવામાં આવ્યો છે કે એક રેટ્રોફિટિંગ પ્રોજેક્ટ પાછળ ૪૦૦૦ કરોડ સુધી ખર્ચ કરવામા આવનાર છે. ગણતરીના આધાર પર રોકાણની ગણતરી કરવામાં આવી રહી છે. સ્માર્ટ સિટીના ભાગરૂપે મોટા ભાગે સિમેન્ટ અને સ્ટીલની માંગમાં તેજી આવી શકે છે. સાથે સાથે લાખો લોકોને રોજગારીની તક પણ મળી શકે છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે તમામ બાબત ખુબ મુશ્કેલ નથી પરંતુ નાણાંની બાબત પડકારરૂપ બની શકે છે. કેન્દ્ર સરકાર જંગી નાણાં આપવા માટે તૈયાર છે. છતાં મોટી સંખ્યામાં નાણાંની જરૂર રહેશે. સ્માર્ટ સિટીને લઈને વિશ્વના દેશો પણ રસ લઈ રહ્યા છે. આના માટે કેટલાક દેશો પણ આગળ આવ્યા છે. સ્માર્ટસિટીના કોન્સ્ટેપ્ટને લઈને શરૂઆતથી ચર્ચા રહી છે. આઈટી કંપની દ્વારા આ કોન્સેપ્ટની રચના કરવામાં આવી છે. સ્માર્ટસિટીને ફાળવણીમાં થોડાક સમય પહેલા જ ઘટાડો કરાયો હોવા છતાં આને વધારે મહત્વ અપાઈ રહ્યું છે.

**દિલ્હીના પૂર્વ કમિશનરનો અંતે યુટર્ન**

## દાઉદ શરણાગતિ સ્વીકારવા તૈયાર હતો : હેવાલમાં દાવો

નવીદિલ્હી, તા. ૨

ભારતમાં વર્ષ ૧૯૯૩માં બોંબ બ્લાસ્ટમાં મોસ્ટ વોન્ટેડ રહેલા ગેંગસ્ટર દાઉદ ઈબ્રાહિમના સંદર્ભમાં ચોંકાવનારો ખુલાસો કરવામાં આવ્યો છે. આ ખુલાસાના સંદર્ભમાં જણાવવામાં આવ્યું છે કે, દાઉદ તે વખતે શરણાગતિ સ્વીકારવા માટે ઈચ્છુક હતો પરંતુ સીબીઆઈએ તેની ઓફરને સ્વીકારી ન હતી. ૧૯૯૩માં થયેલા બોંબ બ્લાસ્ટમાં ૧૫ મહિના પછી જ દાઉદ શરણાગતિ સ્વીકારવા માટે ઈચ્છુક હતો. ડોનને શરણાગતિ સ્વીકારી લેવા તત્કાલિન ડીઆઈજી અને દિલ્હીના પૂર્વ કમિશનર નિરજકુમાર સાથે ત્રણ વખત વાત કરી હતી. આ ખુલાસો પોતે નિરજકુમારે કર્યો છે. જો કે, આજે દિલ્હી પોલીસના પૂર્વ કમિશનર નિરજ કુમારે એવા મિડિયા અહેવાલને રદિયો આપ્યો છે કે, દાઉદે શરણાગતિ સ્વીકારવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ૧૯૯૩ મુંબઈ બ્લાસ્ટ મામલામાં કુમાર સીબીઆઈ તપાસનું નેતૃત્વ કરી રહ્યા હતા. આમા ૨૫૭ લોકોના મોત થયા હતા અને ૭૦૦ લોકો ઘાયલ થયા હતા. કુમારને ત્યારબાદ જુલાઈ ૨૦૧૩માં નિવૃત્તિ સુધી દિલ્હી પોલીસના કમિશનર તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. જાણિતા વકીલ રામજેઠમલાણીએ કહ્યું હતું છે કે, અન્ડરવર્લ્ડ ડોને તેમને ફોન પણ કર્યા હતા અને શરણાગતિ સ્વીકારવાની ઈચ્છા વ્યક્ત કરી હતી પરંતુ એવી ઈચ્છા રાખતો હતો કે તેને નજર કેદ હેઠળ રાખવામાં આવે.



કુમારના ઘટસ્ફોટ અંગે પ્રતિક્રિયા કરતા સીબીઆઈના પૂર્વ ડિરેક્ટર વિજય રામારાવે આવા અહેવાલને રદિયો આપ્યો છે કે, દાઉદ દ્વારા ક્યારે આ પ્રકારની ઓફર કરાઈ હતી. જો આવો કોઈ કેસ હતો તો તેમની નજર સમક્ષ લવાયો ન હતો. બીજી બાજુ વિદેશ રાજ્યમંત્રી વીકે સિંહે કહ્યું છે કે, જો કુમાર કંઈ કહેવા ઈચ્છુક છે તો તેઓએ તેમના ગાળા દરમિયાન આ વાત કરવાની જરૂર હતી.

કુમારને ટાંકીને મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, દાઉદ આક્ષેપોનો જવાબ આપવા માટે ઈચ્છુક હતો. કુમારે તેને વિશ્વાસ પણ આપ્યો હતો કે, સીબીઆઈ તેની સુરક્ષાની જવાબદારી સંભાળશે. નિરજકુમારે યુ ટર્ન લેતા જણાવ્યું હતું કે, દાઉદે સેરેન્ડરની કોઈ વાત કરી ન હતી. દાઉદના સેરેન્ડરની ઓફરને ફગાવી દેવાની બાબત ક્યારેય વિચારી શકાય નહીં. નિરજકુમારે આ વર્ષના અંતમાં જારી થનાર પુસ્તકમાં પણ કેટલીક બાબતોનો ખુલાસો કર્યો છે.